નેત્રમ્
આંખની હોસ્પિટલ

# મોતિયાના ઓપરેશન પછી લેવાની કાળજી

- ડાયાબીટીસ, બ્લડપ્રેશર, દમની દવાઓ અગાઉની સુચના પ્રમાણે ચાલુ રાખવી.
- આંખ માટે અલગ સાફ રૂમાલ અથવા મેડીકલ રૂ રાખવું અને તેના વડે આંખની બાજુમાં હળવેથી સાફ કરવું.
- ઓપરેશન બાદ આંખમાં ખુંચતું હોય તો પણ આંખ મસળવી નહિ, આંખમાં હાથ અડાડવો નહિ.
- કોઈ કપડું કે ધૂળ-કચરો આંખમાં ન જાય તેની સાવચેતી રાખવી.
- ઓપરેશન બાદ ગળા નીચેથી નાહી શકાય, માથું પલાળવું નહિ.
- ઓપરેશનના ૧૦ દિવસ બાદ માથું ધોઈ શકાય પરંતુ આંખમાં સાબુ કે પાણી ન જાય તેની તકેદારી રાખવી.
- દરરોજ સવારે સમજાવ્યા પ્રમાણે ઉકાળેલા પાણીમાં રૂ ડબોળી, રૂ થી આંખ સાફ કરવી.
- આંખમાં દવાના ટીંપા નાખતા પહેલા હાથ સાબુથી ધોઈને, ચોખ્ખા રૂમાલથી સાફ કરીને નીચેની પાંપણ નીચે તરફ ખેંચીને આંખમાં ટીંપા નાખવા.
- આંખમાં ટીંપા નાખ્યા પછી બે મીનીટ આંખ બંધ રાખવી જરૂરી છે. તથા બે ટીંપાનો સમય સાથે થતો હોય તો બંને ટીંપા વચ્ચે બે મીનીટનું અંતર રાખવું જરૂરી છે.
- દરરોજ જમતા હોય તેમ જમી શકાય.
- ઓપરેશનના ચાર થી પાંચ અઠવાડીયા સુધી ટીંપા ચાલુ રાખવા અત્યંત જરૂરી છે.
- ઓપરેશનના ચાર થી પાંચ દિવસ આંખમાંથી સામાન્ય  પાણી નીકળે છે, ખટકો થાય છે તથા આંખ સામાન્ય લાલ રહી શકે છે.
- ઓપરેશન બાદ અચાનક આંખ બહુ લાલ થઈ જાય, દુ:ખાવો લાગે તથા બહુજ સતત પાણી નીકળ્યા કરે તો ડોક્ટરનો સંપર્ક કરવો.
- નાના બાળકોને ઓપરેશન બાદ રમાડવા નહિ, આંગળીથી આંખમાં ઈજા ના થાય તેનું ધ્યાન રાખવું.
- આંખમાં ધૂળ, ધુમાડો કે કચરો ના જાય તેનું ધ્યાન રાખવું.

NETRAM EYE HOSPITAL